RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 67 *Date: 26.12.2024,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાતમાં આવતીકાલથી ત્રણ દિવસ માવઠાની આગાહી



ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી છ દિવસમાં ઠંડી અને કમોસમી વરસાદની આગાહી કરી છે. આગામી ૨૮ ડિસેમ્બર સુધી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ૧૫થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે, જેથી ખેડૂતોની ચિંતા વધી છે. ૨૯થી ૩૧ ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં શુષ્ક હવામાનની સંભાવના છે.હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આવતી કાલથી ૨૮ ડિસેમ્બર સુધી વરસાદની આગાહી છે. હવામાન વિભાગ દ્વારા ૨૬-૨૭ ડિસેમ્બરમાં કચ્છ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૨૮ ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને દક્ષિણ ગુજરાતના નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

રાજ્યમાં આવતી કાલથી ત્રણ દિવસ દરમિયાન ભર શિયાળે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જ્યારે આ મહિનાના અંત સુધી એટલે કે, ૨૯થી ૩૧ ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં શુષ્ક હવામાનની સંભાવના છે.રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકની અંદરમાં નલિયામાં ૮.૫ સે., અમરેલીમાં ૯.૭ સે., રાજકોટમાં ૯.૮ સે., સુરેન્દ્રનગરમાં ૧૨.૬ સે., ગાંધીનગર ૧૩ સે., વડોદરામાં ૧૪ સે., અમદાવાદમાં ૧૫ સે., વી.વી. નગરમાં ૧૬.૪ સે. તાપમાન નોંધાયું છે.

## દ્વારકાની ઓખા જેટી પર ક્રેન તૂટતાં 3ના મોત, જેટી બનાવવાની કામગીરી સમયે સર્જાઈ દુર્ઘટના

દ્વારકાના ઓખા જેટી ખાતે ક્રેન તૂટી પડવાના કારણે દુર્ઘટના સર્જાઈ હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. ક્રેન તૂટી જવાથી ત્યાં કામ કરતાં એક એન્જિનિયર, એક સુપરવાઈઝર અને એક મજૂરનું મોત થયું છે. સમગ્ર ઘટનાની જાણ થતાં જ ઓખા જેટી ઉપર ૧૦૮, ફાયર વિભાગ, પોલીસ તેમજ કોસ્ટગાર્ડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી છે. મળતી માહિતી મુજબ, ઓખા જેટી પર કામ ચાલુ હતું, તે દરમિયાન જ અચાનક ક્રેન તૂટી પડતાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાંથી બે વ્યક્તિ ક્રેન નીચે દટાઈ ગયા હતા અને એક વ્યક્તિ દરિયામાં પડી ગયો હતો. ક્રેન નીચે દબાયેલા બંને વ્યક્તિનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, તેમજ અન્ય એક વ્યક્તિને દરિયામાંથી રેસ્ક્યુ કરીને બહાર કાઢવામાં આવ્યો હતો. જોકે, તેને બહાર કાઢી હૉસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલાં જ



તેનું મૃત્યુ થયું હતું.

મૃતક શ્રમિકની ઓળખ જીતેન કરાડી, અરવિંદ કુમાર અને નિશાંત સિંહ તરીકે થઈ છે. હાલ, તંત્ર દ્વારા તમામના મૃતદેહને નજીકની સિવિલ હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ ખાતે મોકલવામાં આવ્યા છે. દ્વારકાના કલેક્ટર જી.ટી. પંડ્યાએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, ત્રણ લોકોના મોત થયા હતા અને તે કોસ્ટ ગાર્ડ જેટી પરનું કામ હતું જે ગુજરાત મેરીટાઈમ બોર્ડની દેખરેખ હેઠળ ચાલી રહ્યું હતું. ક્રેન તૂટવાને કારણે એક એન્જિનિયર, એક સુપરવાઈઝર અને એક મજૂરનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ સિવાય તંત્ર દ્વારા અન્ય કોઈ વ્યક્તિ દટાયા છે કે કોઈ ઈજાગ્રસ્ત થયું છે કેમ કેમ તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સિવાય આ અકસ્માત કેવી રીતે સર્જાયો અને તેના કારણો શું હતા તે વિશે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કઝાકિસ્તાનમાં કરુણાંતિકા, લેન્ડિંગ વખતે ક્રેશ થતાં અગનગોળો બન્યું વિમાન, ૪૨ લોકોના મોત

બુધવારે (૨૫ ડિસેમ્બર) કઝાકિસ્તાનના અક્તૌ એરપોર્ટની નજીકમાં જ અઝરબૈઝાન એરલાઈન્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે. આ વિમાનમાં ૬૭ પેસેન્જર્સ અને ૫ ક્રૂ સભ્યો સવાર હતા, જેમાંથી ૪૨ લોકોના મોત થયા છે. આ ઘટનામાં ૨૫ લોકોના જીવ બચ્યા છે. પ્રાથમિક અહેવાલો અનુસાર લેન્ડિંગ કરતી વખતે જ અચાનક વિમાન ક્રેશ થઇ જતાં અગનગોળામાં ફેરવાઈ ગયું હતું. ઘટના બનતા જ મુસાફરોમાં ડર અને અફરાતફરી જોવા મળી હતી. વિમાન દુર્ઘટનાનો દર્દનાક વીડિયો પણ સામે આવ્યો છે. બચાવ કર્મચારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરતા અનેક લોકોને બચાવવામાં સફળતા મળી છે. જણાવી દઈએ કે, દુર્ઘટનાના કારણે પ્લેન બે ટુકડામાં વહેંચાયું હતું. પ્રાથમિક અંદાજ પ્રમાણે કોઈ પક્ષીના ટકરાવાથી દુર્ઘટના બની હોઈ શકે છે.પ્રાથમિક અહેવાલ અનુસાર અઝરબૈજાન એરલાઈન્સનું વિમાન રશિયા જઇ રહ્યું હતું. આ દરમિયાન તેમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. તેના પછી ઈમરજન્સી લેન્ડિંગ કરવા મંજૂરી પણ માગવામાં આવી હતી. જોકે આ દરમિયાન જ વિમાન ક્રેશ થઇ ગયું હતું.સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર મધ્ય એશિયાઈ દેશના ઈમરજન્સી મંત્રાલયના હવાલાથી જણાવાયું કે વિમાન દુર્ઘટનામાં અમુક લોકો જીવતા બચી ગયા હતા.

## સુરતમાં હોસ્ટેલની બાલ્કનીમાં વિદ્યાર્થીઓએ કર્યું તાપણું, સ્મીમેર હોસ્પિટલ ફરી વિવાદમાં

સુરતની સ્મીમેર હોસ્પિટલ કોઈ કારણોસર વિવાદમાં ચર્ચાઈ રહેતી હોય છે. સ્મીમેર હોસ્પિટલ



અને મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલના અમુક વિદ્યાર્થીઓ કડકડતી ઠંડીમાં બાલ્કનીમાં તાપણું કર્યું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.

જ્યારે હવે ફરી હોસ્ટેલ વિવાદમાં આવી છે. મળતી માહિતી મુજબ, સુરતની સ્મીમેર મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ અગાઉ પણ હોસ્ટેલને અડ્ડો બનાવી દીધો હોવાનું સામે આવ્યું હતું. તેવામાં હવે હોસ્ટેલના વિદ્યાર્થીઓ બાલ્કનીમાં તાપણું કર્યું હતું. તાપણું કરતી વખતે જો આગ વિકરાળ બની હોત અથવા કોઈ દુર્ઘટના ઘટી હોત તો... જવાબદાર કોણ? તેને લઈને વિવાદ સર્જાયો છે.

આ પહેલા સ્મીમેર મેડીકલ કોલેજની બોઈઝ હોસ્ટેલની કેન્ટીનમાં ગુણવત્તાયુક્ત ભોજન ન મળતું હોવાની વિદ્યાર્થીઓએ ફરિયાદો કરી હતી. આ પછી વહીવટીતંત્રને સમગ્ર મામલે યોગ્ય કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી. તેમજ પાલિકાએ ભાડુ-લાઈટ બિલ અને પેનલ્ટી સહિતની રકમ ભરવા તાકીદ કરી હતી. જેમાં કોઈ જવાબ ન આપતા કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવાની સ્થાયી સમિતિમાં દરખાસ્ત રજૂ કરાઈ હતી.

# સુશાસન દિવસે ગુજરાત રાજ્યના વન વિભાગમાં ૮૦૦ ઉપરાંત યુવાઓનું વર્કફોર્સ ઉમેરાયું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ. અટલબિહારી વાજપેયીજીના જન્મદિવસ ૨૫મી ડિસેમ્બર સુશાસન દિવસે રાજ્યના વન વિભાગમાં ૮૦૦ ઉપરાંત નવ યુવાઓને નવી નિમણૂંકના નિયુક્તિ પત્રો એનાયત કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂર્વ પ્રધાનમંત્રીશ્રી સ્વ. અટલબિહારી વાજપેયીના જન્મદિવસ ૨૫મી ડિસેમ્બરને૨૦૧૪થી સુશાસન દિવસ તરીકે ઉજવવાની શરૂ કરેલી પરંપરાને નિયુક્તિ પત્ર વિતરણથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આગળ ધપાવી હતી. તેમણે કહ્યું કે, શાસન વ્યવસ્થામાં ગરીબ, સામાન્ય માનવીને કેન્દ્રસ્થાને રાખીને અટલ બિહારીજીએ સેવા-સુશાસન આપ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સુશાસનના લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવા સેચ્યુરેશનનો જે કાર્ય મંત્ર અપનાવ્યો છે તેને સાકાર કરવામાં મેનપાવર-વર્કફોર્સની ભૂમિકા મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, યુવાશક્તિના કૌશલ્ય અને સામર્થ્યને જનસેવામાં જોડવા સરકારે પારદર્શિતાથી સમયબદ્ધ ભરતી પ્રક્રિયાઓ હાથ ધરી છે. યુવાશક્તિના ડેમોગ્રાફિક ડિવિડન્ડને રાજ્યના વિકાસમાં યોગદાન આપવા આપણે સજ્જ બનાવવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ફોરેસ્ટ ફોર્સમાં જોડાઈ રહેલા નવનિયુક્ત યુવાઓને પર્યાવરણ રક્ષા અને વનોના જતન સંવર્ધન સાથે રાજ્યની વિકાસ યાત્રામાં સહભાગી થવા પ્રેરક આહવાન પણ કર્યું હતું. તેમણે વિકસિત ભારત @ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં આ નવનિયુક્ત યુવાઓ પ્રકૃતિ અને માનવ જાતના કલ્યાણ માટે સેવારત રહેશે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો. ગુજરાતના વિકાસ રોલ મોડલને નવી વૈશ્વિક ઊંચાઈ આપવામાં પણ આ નવનિયુક્ત વન કર્મીઓના યોગદાનની અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.વન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે આજે શ્રી અટલજીની યાદમાં ગુજરાત સહિત દેશભરમાં સુશાસન દિવસ ઉજવવામાં આવે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસન થકી ગુજરાતને આગવી ઓળખ અપાવી છે તેને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ વધારી રહ્યા છે. આજે વન વિભાગમાં મોટી સંખ્યામાં મદદનીશ વન સંરક્ષક અને વનરક્ષકની નવી ભરતી કરીને સુશાસન દિવસને સાચા અર્થમાં ઊજવણી કરવામાં આવી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનું જ્ઞાન ધરાવતી નવી પેઢી આગામી સમયમાં વન અને વન્ય જીવના રક્ષણ માટે મહત્વની ભૂમિકા ભજવશે તેમ જણાવી વન મંત્રીશ્રીએ નવનિયુક્ત કર્મયોગીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. વન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માનવ અને વન્ય પ્રાણી વચ્ચે ઘર્ષણ અટકાવવા માટે મોરબી, જાંબુઘોડા, કચ્છ, જામનગર અને દ્વારકામાં રેસ્ક્યુ-ટ્રીટમેન્ટ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. વન વિભાગ દ્વારા પ્રવાસીઓને પુરતી સુવિધા ઉપલબ્ધ કરાવવા સિંહ દર્શન માટે બરડા તેમજ આંબરડી ખાતે સફારીની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. સિંહ, દિપડા, રિંછ અને વિવિધ પક્ષીઓની વૈજ્ઞાનિક પદ્ધતિથી ગણતરી પણ કરવામાં આવે છે. વન મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે એગ્રો ફોરેસ્ટ્રી અંતર્ગત વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં શહેરી વિસ્તારમાં ૨૦ થી ૨૫ જેટલા અર્બન ફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યા છે. રાજ્ય કક્ષા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુશાસનનો અર્થ પારદર્શક કામગીરી સાથે અસરકારક શાસન થાય છે. આજે જ્યારે વન રક્ષકોને નિમણૂક પત્ર એનાયત થયા છે ત્યારે વન રક્ષણ સહિત વનમાં થતા ગેરકાયદેસર શિકારને અટકાવવા તેમજ સ્થાનિક પરિવારો સાથે પારિવારિક ભાવના સાથે કાર્યો કરવા તે દરેક વનરક્ષકની જવાબદારી બને છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલ "એક પેડ માં કે નામ" અભિયાનમાં સમગ્ર દેશને વૃક્ષ વાવવા તેમણે આહવાન કર્યું હતું

## સંસદ ભવનની બહાર એક શખસનો શરીરે આગ ચાંપી આત્મહત્યાનો પ્રયાસ, હાલત નાજુક

દિલ્હીમાં સંસદ ભવનની બહાર એક શખસે આગ ચાંપી આપઘાત કરવાનો પ્રયાસો કર્યો છે. દિલ્હી પોલીસે જણાવ્યા પ્રમાણે બુધવારે આજે સંસદની બહાર એક વ્યક્તિએ પોતાને આગ ચાંપી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આપઘાત કરનાર શખસ ગંભીર રૂપે દાઝ્યો હતો. તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસે ઘટના સ્થળેથી પેટ્રોલ જપ્ત કર્યું છે. ઘટના બાદ સ્થળ પર અફરાતફરી મચી હતી.સંસદ બહાર આત્મવિલોપન કરનારી વ્યક્તિની સ્થિતિ નાજુક છે.




આપઘાત કરનાર વ્યક્તિ ઉત્તર પ્રદેશના બાગપાતમાં રહેનારો છે. તેનુ નામ જીતેન્દ્ર છે. તેણે રેલ ભવન નજીક પોતાને આગ ચાંપી હતી. સ્થાનિક પોલીસ અને રેલવે પોલીસે દોડીને આગ બુઝાવી હતી. પરંતુ શખસ ૯૦ ટકા દાઝી ગયો હતો.આપઘાત કરવા પાછળનું કારણ અંગત અદાવત હોવાનું જાણવા મળ્યું છે. પીડિત બાગપતમાં તેની વિરૂદ્ધ નોંધાયેલી ફરિયાદના કારણે હેરાન હતો. હજી સુધી કોઈ સુસાઈડ નોટ મળી નથી. તપાસ ચાલુ છે. ક્રિસમસ અને નવા વર્ષની તૈયારીઓના પગલે દિલ્હીમાં કડક પોલીસ બંદોબસ્ત હોવા છતાં જિતેન્દ્ર કેવી રીતે સંસદ ભવન નજીક રેલ ભવનમાં આવ્યો તે જાણવા જેવુ છે. આ ઘટના પોલીસ વ્યવસ્થા પર સવાલો ઊભા કરે છે.

## ગુજરાતથી હરિદ્વાર ગંગા સ્નાન કરવા આવ્યો હતો પરિવાર, સૌની નજર સામે ભાઈ-બહેનના ડૂબી જતાં મોત

ગુજરાતથી હરિદ્વાર ગંગા સ્નાન માટે પહોંચેલા શ્રદ્ધાળુ પરિવાર સાથે એક મોટો અકસ્માત થયો હતો. આ પરિવારના બાળકોની ગંગામાં ડૂબવાથી મોત થઈ ગઈ છે. આ હૃદયદ્રાવક અકસ્માત બુધવારે સવારે ઉત્તર હરિદ્વારના સંતમત ઘાટ પર થયો હતો.

ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામ નિવાસી વિપુલ પવાર પોતાના પરિવાર સાથે ગંગા દર્શન અને સ્નાન માટે હરિદ્વાર પહોંચ્યા હતા. બુધવારે (૨૫ ડિસેમ્બર) લગભગ સવારે ૧૦ વાગ્યે આખો પરિવાર ઉત્તર હરિદ્વારના પરમાર્થ ઘાટ પાસે સંતમત ઘાટ પર ગંગા સ્નાન કરી રહ્યા હતાં. સ્નાન દરમિયાન વિપુલ પવારની ૧૩ વર્ષની દીકરી પ્રત્યૂષા અને ૬ વર્ષનો દીકરો દર્શ અચાનક ગંગાના તેજ પ્રવાહમાં વહી ગયા. પરિવાર અને ઘાટ પર હાજર અન્ય શ્રદ્ધાળુ બાળકોને બચાવવા માટે દોડ્યા, પરંતુ પ્રવાહ વધુ હોવાના કરાણે અને પાણી ઊંડુ હોવાથી તે બચાવવામાં અસફળ રહ્યા. જોતજોતામાં બાળકો દેખાતા બંધ થઈ ગયાં.

સમગ્ર ઘટનાની માહિતી મળતા જ સપ્તઋષિ પોલીસ ચોકી પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી.

તંત્રી સ્થાનેથી..

## ભારતમાં બચત દર વૈશ્વિક સરેરાશ કરતા વધારે

ભારતમાં બચતની પ્રથા વર્ષો જૂની છે. આજે પણ ભારતનો બચત દર વૈશ્વિક સરેરાશ કરતા વધારે છે. દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, ભારતનો બચત દર ૩૦.૨% છે, જે વૈશ્વિક સરેરાશ ૨૮.૨% કરતા વધારે છે. બચતની બાબતમાં ભારત ચોથા ક્રમે છે. ચીન, ઈન્ડોનેશિયા અને રશિયા ભારત કરતાં આગળ છે.ચીનનો બચત દર ૪૬.૬%, ઈન્ડોનેશિયાનો ૩૮.૧% અને રશિયાનો ૩૧.૭% છે. આ મજબૂત બચત સંસ્કૃતિ દેશમાં વધતા નાણાકીય સમાવેશને પ્રતિબિંબિત કરે છે, જ્યાં ૨૦૧૧માં માત્ર ૫૦%ની સરખામણીમાં ૮૦% થી વધુ પુખ્ત વયના લોકો પાસે હવે ઔપચારિક નાણાકીય ખાતાઓ છે.અહેવાલ મુજબ, છેલ્લા કેટલાક વર્ષોમાં કુલ ઘરગથ્થુ બચતમાં ચોખ્ખી નાણાકીય બચતના હિસ્સામાં નોંધપાત્ર વધારો થયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૪માં ૩૬% હતો જે નાણાકીય વર્ષ ૨૦૨૧માં લગભગ ૫૨% થયો હતો. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૨ અને નાણાકીય વર્ષ ૨૦૨૧માં તેમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો.નાણાકીય બચતમાં બેંક ડિપોઝિટ અને રોકડ જેવા પરંપરાગત વિકલ્પોનો હિસ્સો ઘટી રહ્યો છે. તે જ સમયે, મ્યુચ્યુઅલ ફંડ અને ઈક્વિટી જેવા ઉભરતા રોકાણ વિકલ્પો ઝડપથી ઘરગથ્થુ બચત માટે પસંદગીનો વિકલ્પ બની રહ્યા છે.ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ ૨૦૧૮થી નવી સિપ નોંધણીઓ ચાર ગણી વધીને ૪.૮ કરોડ થઈ છે સાથે મ્યુચ્યુઅલ ફંડ્સ ઘરગથ્થુ બચતને ચેનલાઇઝ કરવા માટેનો નંબર વન વિકલ્પ બની ગયો છે. તે જ સમયે, 'શેર અને ડિબેન્ચર્સ'માં સ્થાનિક રોકાણ નાણાકીય વર્ષ ૨૦૧૪માં જીડીપીના ૦.૨% હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ માં વધીને ૧% થયું છે અને સ્થાનિક નાણાકીય બચતમાં ૫% યોગદાન આપી રહ્યું છે. આ દર્શાવે છે કે ઘરગથ્થુ બચત હવે દેશની મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવામાં વધુને વધુ યોગદાન આપી રહી છે.

# બંદૂકબાજમાંથી પેનબાજ થનારે ડલ જિંદગીને કેવી રીતે ચિયરફૂલ બનાવી?

'મિંયા કયાં કરે?' અફઝલ નામના શખ્સે સવાલ કર્યો.

'યાર અફઝલ, તેરી બાત સહીં હૈ. યહાં તો બૌત કંટાલા આ રહાં હૈ.' અન્નર નામના શખ્સે આંગળીના ટચાકા ફોડતાં કહ્યું.

'હા, યાર અન્વર યેહ કહાં આ ગયે ઔર ટેબલ ખુરશીપે ફંસ ગયે.' અફઝલે પણ આંગળીના ટચાકા ફોડી બોરિયત જાહેર કરી.

'એક બાત હૈ. હમે બેઠને કો ખુરશી હૈ, ઉપર પંખા ઘૂમ રહાં હૈ, સલામતી કી કોઇ ચિંતા નહીં. ' અન્વરે શુકુનની સૂચિ ગણાવી.

'હાં યાર, ખાને પીને કી ચિંતા નહીં. કેન્ટિનમે ચીકન, મટન ખાને કો મિલ જાતા હૈ. અંદરખ ડાલી હુઇ બઢિયા ચા મિલતી હૈ. હમારે કુ તો પૈસે ભી ચુકાનેકા ટેન્શન નાહી.' અફઝલે કહ્યું.

'મા કસમ ઐસી લકઝરી કા તો સપના ભી બંધ તો કયાં ખુલ્લી આંખોસે દેખા નહીં થા.' અન્વરે તમાકુ મસળતા મસળતા કહું તમાકુ નીચલા હોઠે દબાવી પિચકારી મારી કચરાટોપલી લાલ કરી.

'હમ ઠહરે અનપઢ, ગંવાર. હમે વ્હાઇટ કોલર જોબ કૈસે મિલતી? હમ કહાં ગ્રેજયુએટ-ફેજયુએટ હુએ હૈ..?ઈસ્કૂલ કા દરવાજા નહીં દેખા તો કોલેજ કી બાતપ..' અફઝલે બાકીની વાત અધૂરી છોડી.

'હુકુમરાનોને હમે કાગજી ચકકરમેં બુરી તરહ ફંસા દિયા . હમ તો પાકે ઘડે જૈસે હૈ. ઈસ પર કાગજી કામકા કાંઠા લગા નહીં શકતે.' અન્વરે મૂળ વાત કહી.

'યાર, યહાં કોઇ એકસાઇટમેન્ટ, થ્રીલ, ચીલ હી નહીં. કાગજ પઢના, લોગો કી તકલીફે કાગજ પર હલ કરના. યેહ કોઈ બાત હુઇ ? કિસીકા ખેત છીન જાયે ઔર હમ યહાંસે અરજદાર કો ન્યાય દિલાને વાસ્તે તહેસીલદાર કો ખત લિખતે હૈ. ઐસી બાતમે ખત થોડી લિખા જાતા હૈ? અરે, એકે - ૪૭ લેકે જમીન છીનને વાલે દરિન્દોકે સીનેમેં છેહ કી છેહ ગોલી દાગને કા ઓર મુઝલિમકો ન્યાય દિલાના મંગતા હૈ,' અફઝલ મૂળ રંગમાં આવ્યો.

'તુને બિલકુલ સહી ફરમાયા. કિસીકી લડકીકો કોઇ ભગાકે લે જાવે ઔર ઉસકા વાલિદ પુલિસમેં રપટ લિખાનેસે લડકી થોડી વાપસ સહીસલામત મિલ જાયેંગી? સિવિલ ઓથોરિટીવાલોકે પાસ દિલ નહીં હોતા. કેવલ કાનૂનની કિતાબે હોતી હૈ.'અન્વરે કહ્યું.

'હમે પતા નહીં કે હમ રૂઢિચુસ્ત હૈ કી યેહ સરકારકે બાસિન્દે ટટુકી તરાહ અડે રહેતે હૈ!' અફઝલે અફસોસ જાહેર કર્યો.

'હમારે હુકુમરાન ભી પાગલોસે કમ નહીં.' અફઝલે કહ્યું .

'મિંયા તુમ યેહ કૈસે કહ શકતે હો?' અન્વરે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો.

'અન્વર તુમ્હે યાદ હૈ? પંદરાહ સાલ પહેલે હમ પંદરાહ સાલ કે થે. હમકુ હકૂમત કે ખિલાફ મૌલવી સાહેબને ભડકાયા થા. હમ કુ જેહાદ કરનેકુ બોલાથા. હમ ઘરબાર સબ છોડકે ગન ચલાને કી બોમ્બ ડાલનેકી તાલીમ લીથી.' અફઝલે જિંદગીના કાળા અધ્યાયને એવી રીતે યાદ કર્યો કે જાણે ગઇ કાલની ઘટના ન હોય.

'અફઝલભાઇ, હમને રેગિસ્તાનમેં હકૂમતકે સામને જંગ લડી થી. પીને કો પાની નહીં. ખાને કો રેત યા દુશ્લમનકે લશ્કર કી બંદૂકકી ગૌલિયા. હમ હજારો મિલો તક ધૂપ ઔર અંધેરેમે પાગલકી તરહ પૈદલ ગસ્ત લગાયા કરતેથે. પસીનેસે લથપથ. કહાંસે મોત કા પેગામ લેકર ગોલી આતીથી પતા નહીં ચલતા થા. હમ ભી મશીનગનસે ગૌલિયોકી બૌછાર કરતે થે.કબ કત્લ હો જાતે કુછ પતા નહીંથા. જિંદગી આધીઅધૂરીથી. ફિર ભી જેહનમે થ્રીલ એકસાઇટમેન્ટ થા.' અન્વરે ભૂતકાળ વાગોળ્યો.

'ગોલીયો કી કોઇ કિંમત નહી થી. હમ શાદીમે ધાંય ધાંય કરકે ગોલી છોડતે થે. કિસીકી મૈયતમેં ભી ગૌલિયા ચલાતે થે. કિસીકો લડકી હુઆ તો ગોલીયા છોડતે થે. ગદારો કો ગોલી મારતે થે.કિસીકી વફાદારી જાહિર કરને ગોલીયા ચલાતેથી. બંદૂક હમારા અક્ષયપાત્ર થા. જો હમારી તમામ ખિવાહિશ પૂરી કરતા થા' અફઝલે કહ્યું.

'યાર હમારે જૈસે હોનહાર આતંકિયોકો જંગ કા મૈદાન છુડાકે દફતરમે બાબુ બના દિયા. અગ્નિવીરકી તાલીમ દેકર માનો ચકલી પોલિસ યાને હોમગાર્ડ બના દિયા. આસમાનસે ઉતરે ઔર ખજૂરપે લટકે જૈસી હમારી હાલત હુઇ.' અન્વરમિંયાએ અફસોસનો અફસાના પેશે ખિદમત કર્યો.

'અન્વર, હમે ગોલી, બમ , મિસાઇલસે કતઇ ડર નહીં લગતા. લેકિન તે કાગજોસે ડર લગતા હૈ.યેહ કાગજ હમારી ફાંસીકા ફંદા બન ન જાયે!' અફઝલે દહેશત વ્યક્ત કરી.

'યાર, પેન ઇઝ માઇટીયર ધેન સ્વોર્ડઝ ઐસા કહાં જાતા હૈ. પેન ગોલીસે તાકાતવર હૈ ઐસા થોડી કહાં હૈ? હમે બંદૂક ચલાનેકી તાલીમ દી ઔર હમારે હાથોસે બંદૂક છીનકર પેન થમા દી. પેન હમારે લિયે સ્લો પોઇઝન હૈ.હમ ઈસ જહન્નમસે આઝાદ હોના ચાહતે હૈ. હમારે હાથોમે જંગ લગ ગઈ હૈ!હમારા હુન્નર ખાક હો ગયા હૈ.' અફઝલે યંત્રણા વ્યક્ત કરી.

બંદૂકબાજમાંથી પેનબાજ બનેલા અફઝલ અને અન્વરે કારકુની કામથી કંટાળીને દફતરમાં પડેલા કાગળો દુશ્મન હોય તેમ તેના પર એકે-૪૭ થી ધડાધડ ગોળીઓ છોડી. દફતર પર હેન્ડગ્રેનેડ ફેંક્યા.દફતરને આગને હવાલે કરી દીધું. ડલ જિંદગી ચિયરફૂલ, કલરફૂલ બની ગઇ.હવે અન્વર અને અફઝલે જિંદગી જીવવા જેવી જાનદાર જણાઇ!

ભરત વૈષ્ણવ

## પિતા લોન ન ભરી શક્યા તો રીકવરી કરનારા શખ્સે દિકરીનું અપહરણ કરીને વેચી દીધી



હિમતનગર,

એફઆઈઆર દાખલ કર્યાના કલાકોમાં જ આરોપીઓની ધરપકડ કરવામાં આવી સાબરકાંઠામાં બનેલી ચોંકાવનારી ઘટનામાં એક પિતા લોન ન ભરી શકતા રિકવરી કરવા આવેલા શખસોએ દીકરીનું અપહરણ કરી લીધું હતું, એટલું જ નહી તેને વેચી નાખી હતી. છૂટક મજૂરી કરનાર શખસે થોડા સમય પહેલા ૬૦ હજાર રૂપિયા ઉછીના લીધા હતા. જોકે એની ચૂકવણી બરાબર કરી દીધી પરંતુ વ્યાજ સતત વધતું જ રહેતું હતું જેના પરિણામે ૨થી ૩ લાખ રૂપિયાની માગણી તેમની પાસે કરાતા એ ચૂકવી ન શકયા. રિકવરી કરનાર લોકોએ બાદમાં તેમની દીકરીનું અપહરણ કરી ન કરવાનું કર્યું હતું. સાબરકાંઠામાં રહેતા શખસે લોન ન ભરી શકતા રિકવરી માટે આવેલા લોકો દીકરીનું અપહરણ કરી અને વેચી કાઢી હતી. આ નાની દીકરીને ત્રણ લાખ રૂપિયામાં રાજસ્થાનનાં એક ગામના રહેવાસીને આપી દેવાઈ હતી. લોન શાર્ક્સનો આવો નિર્દયતાપૂર્ણ ઘટનાક્રમ સામે આવતા ચકચાર મચી ગઈ છે. બાદમાં હિંમતનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આની ફરિયાદ કરાઈ હતી. જેથી પોલીસે પણ તપાસ આદરી અને આરોપીઓની સામે કડક કાર્યવાહી શરૂ કરી દીધી હતી. આ ઘટનાની જાણ ૨૦૨૪ના રોજ હિમતનગર સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. પોલીસે અરવલ્લી જિલ્લાના મોડાસાના અર્જુન નાટ અને શરીફા નાટ તથા મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના દેવગામ ગામના લખપતિ નાટ સામે ગુનો નોંધ્યો હતો. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ બી શાહે જણાવ્યું હતું કે એફઆઈઆર દાખલ કર્યાના કલાકોમાં જ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓને શનિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. શાહ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર મુજબ, અર્જુન નાટે દીકરીના પિતા, જે રોજી મજૂરી કરતા હતા, તેમને નિર્ધારિત વ્યાજ દરે ૬૦,૦૦૦ રૂપિયા ઉછીના આપ્યા હતા. વ્યાજની નિયમિત ચુકવણી કરવા છતાં, અર્જુન અને શરીફાએ તેની પાસેથી રૂ. ૩ લાખથી રૂ. ૪ લાખ સુધીની રકમની માંગણી કરી હતી. જ્યારે માંગ પૂરી ન થઈ, ત્યારે આરોપીઓએ તેના ઘરે તેના પર હુમલો કર્યો અને તેને કોરા કાગળો પર સહી કરવા દબાણ કર્યું હતું. ત્યારપછી ત્રણેયએ તેની સાત વર્ષની પુત્રીનું અપહરણ કરીને તેને રાજસ્થાનના અજમેર નજીકના એક ગામમાં ૩ લાખ રૂપિયામાં વેચી દીધી હતી. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે પીડિતાના પરિવારે પોલીસ પાસે જવાને બદલે બે દિવસ પહેલા કોર્ટમાં ફરિયાદ કરી. કોર્ટના આદેશ પર કાર્યવાહી કરીને, પોલીસે ૧૯ ડિસેમ્બરે કેસ નોંધ્યો અને તપાસ શરૂ કરી હતી. છોકરીને અજમેર નજીકના ગામમાં લઈ જવાઈ હોવાનું બહાર આવ્યું હતુ. તપાસ અધિકારી એસ બી ચૌધરીએ જણાવ્યું હતું કે, આરોપીઓ સાથે દીકરીને કયાં આપી દેવાઈ હતી, કોને અને પૈસા કયાંથી મેળવ્યા હતા તે જાણવા માટે પૂછપરછ કરવામાં આવી હતી. પૈસા વસૂલવાના પ્રયાસો કરવામાં આવશે. ચૌધરીએ વધુમાં કહયું કે અમે કોરા કાગળો વિશે પણ જાણવા માંગીએ છીએ કે જેના પર બળજબરીથી સહીઓ લેવામાં આવી હતી અને શું તેનો ઉપયોગ કોઈ આવા જ હેતુ માટે કરવામાં આવ્યો હતો કે નહીં. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરીપૂછપરછમાં જાણવા મળ્યું કે યુવતીના પિતા કડિયાકામ કરે છે. પકડાયેલા આરોપીઓ પણ મજૂરી અને ઘરકામ કરીને ગુજરાન ચલાવે છે. પોલીસને પરિવારના અન્ય સભ્યોની સંડોવણીની શંકા છે અને ગુનામાં તેમની ભૂમિકાની તપાસ કરી રહી છે.

## નવીનતા અને કૃષિને એકસાથે લાવવું: ધાનુકા એગ્રીટેકનો કિસાન દિવસ ૨૦૦ ખેડૂતો અને વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે



ગાંધીનગર, ગુજરાત, ૨૩ ડિસેમ્બર ૨૦૨૪- કિસાન દિવસ નિમિત્તે દેશના ખેડૂતોનું સન્માન કરવા માટે, ધાનુકા એગ્રીટેક લિમિટેડે પલવલ ખાતેના ધાનુકા કૃષિ સંશોધન અને ટેકનોલોજી કેન્દ્ર (ઢછઈ) ખાતે ખેડૂત દિવસ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય જ્ઞાનની વહેંચણીને સરળ બનાવવા અને અગ્રણી વૈજ્ઞાનિકો સાથે ભારતીય કૃષિના ભાવિ અંગે ચર્ચા કરવા માટે આધુનિક ખેતીની તકનીકોમાં આંતરદષ્ટિ પ્રદાન કરવાનો હતો.

આ કાર્યક્રમમાં ખેડૂતોના સશક્તિકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે ધાનુકાની અતૂટ અને સતત પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી. તેમાં ખાસ કરીને ઘઉં, શાકભાજી અને સરસવ જેવા રવી પાકો પર કેન્દ્રિત પ્રદર્શન અને તાલીમ સત્રોનો સમાવેશ થાય છે. ખેડૂતોને અદ્યતન તકનીકો શીખવાની અને કૃષિ ક્ષેત્રના નિષ્ણાતો સાથે જોડાવવાની અનન્ય તક હતી.

મુખ્ય અતિથિ શ્રી વિપુલ ગોયલ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી, શહેરી સ્થાનિક સંસ્થાઓ અને નાગરિક ઉડ્ડયન, કેબિનેટ મંત્રી, હરિયાણાએ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. અતિથિ વિશેષ ડૉ. પી.કે. સિંહ કૃષિ કમિશનર, વિભાગ. કૃષિ અને ખેડૂત કલ્યાણ, સરકાર. ભારતના ખેડૂતોના વિશાળ મેળાવડા અને નવી તકનીકો શીખવાની તેમની ઈચ્છા જોઈને આનંદ થયો. તેમની હાજરીએ ખેડૂતોને નવી અને અદ્યતન ખેતી પદ્ધતિઓથી વાકેફ કરીને કૃષિ સમુદાયને ટેકો આપવા જેવી પહેલોના મહત્વ પર પ્રકાશ પાડ્યો. આ પ્રોગ્રામે પ્રાયોગિક ઉકેલોને પણ પ્રોત્સાહિત કર્યા છે જે કૃષિના વિકાસ અને ટકાઉપણુંમાં ફાળો આપે છે, જે આખરે ખેડૂતો અને વ્યાપક ખેતી ઈકોસિસ્ટમને લાભ આપે છે.

ધાનુકાએ પણ ગુજરાતના ગાંધીનગરમાં આવેલી મહર્ષિઆત્રી તપોવન શાળામાં વિશેષ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિ ધાનુકાના ચાલુ અભિયાન - "મૈં કિસાન બન્ના ચાહતાહૂં" નું વિસ્તરણ પણ છે. આ ઝુંબેશ યુવા વિદ્યાર્થીઓમાં ખેડૂતોના યોગદાન, ભારતના અર્થતંત્રમાં ખેતીની વિશાળ ભૂમિકા અને કૃષિ પર ટેક્નોલોજીની પરિવર્તનકારી અસર વિશે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તેમના પરંપરાગત મૂળ સાથે પુન:જોડાવાનો હતો જયારે ખેતીની અપાર સંભાવનાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. એક સમૃદ્ધ કારકિર્દી પાથ.

"અમને આ કાર્યક્રમ માટે ૧૦ ગામો દત્તક લેવાનો અને ૨૦૦ ખેડૂતોને સાથે લાવવાનો આનંદ છે. આ પહેલ માત્ર અદ્યતન ખેતીની તકનીકો શેર કરવા વિશે નથી, તે એક ઉજ્જવળ, વધુ ટકાઉ ભવિષ્ય માટે સમર્થન, જ્ઞાન અને આશા પ્રદાન કરવા વિશે છે. આ ખેડૂતોને સાક્ષી આપવી ખરેખર પ્રેરણાદાયક છે, જેઓ આપણા સમાજની કરોડરજ્જુ છે, નિષ્ણાતો સાથે સંકળાયેલા છે અને નવી પદ્ધતિઓ શીખવાની તેમની ઈચ્છા છે. આ ક્ષણો આપણા કૃષિ સમુદાયમાં નોંધપાત્ર સંભવિતતાને ઉજાગર કરે છે" શ્રી રત્નેશ પાઠકે જણાવ્યું હતું કે, ધનુકા એગ્રીટેકના બ્રાન્ડિંગ અને એડવર્ટાઈઝિંગના વડાવિષયના નિષ્ણાત મયુર અમેટાએ પણ ખેતી અંગેના તેમના અંગત અનુભવો અને આંતરદષ્ટિ શેર કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે નવી પેઢી આ ક્ષેત્રમાં જોડાય છે, ત્યારે તેઓ ડ્રોન છંટકાવ અને સેન્સર ફાર્મિંગ જેવી નવી તકનીકો ઉમેરે છે જેથી આ ક્ષેત્રમાં નવી તકનીકી પ્રગતિની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવે છે જે નવી પેઢીઓ દ્વારા વધુ સારી રીતે પ્રાપ્ત કરી શકાય છે.

## ભાજપના પૂર્વ ધારાસભ્યએ ખોલી પોલ,કહ્યું ગુજરાતમાં ભેળસેળિયા ગાંધીનગર સુધી પહોંચાડે છે હપ્તા

મહેસાણા,

ઊંઝામાં નકલી જીરું અને વરિયાળીમાં મોટા પાયે ભેળસેળ થવાની ઘટના સામે આવી રહી છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલે આક્ષેપ કર્યો છે. ઊંઝામાં નકલી જીરું અને વરિયાળીમાં મોટા પાયે ભેળસેળ થવાની ઘટના સામે આવી રહી છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલે આક્ષેપ કર્યો છે કે ગુજરાતમાં ભેળસેળનો કાળો કારોબાર ફૂલીફાલી રહ્યો છે ત્યારે ભ્રષ્ટાચારી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દરોડા પાડવાનું દેખાવો કરીને નાટક કરી રહ્યું છે. ભાજપના પૂર્વ ધારાસભ્યએ આ મૂંઝવણના મુદ્દે સવાલો ઉઠાવ્યા છે અને સરકાર પર આંગળી ચીંધી છે, જેના કારણે હાલ રાજકારણ ગરમાયું છે. નકલી જીરું અને વરિયાળી પકડાવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. એટલું જ નહીં ખાસ કરીને ઊંઝામાં ભેળસેળનો ધંધો ઝડપથી વધી રહ્યો છે. હવે ભાજપના પૂર્વ ધારાસભ્યએ ભેળસેળની વધતી પ્રવૃતિને લઈને સરકાર સામે મોરચો ખોલ્યો છે. ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ લલ્લુભાઈ પટેલે રાજયના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મિલીભગતનો આરોપ લગાવ્યો છે. તેમનો આરોપ છે કે ભ્રષ્ટ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ માત્ર દરોડા પાડવાનું નાટક કરી રહ્યું છે. જો નકલી જીરું-વરિયાળીનો જથ્થો નાશ કરવામાં આવ્યો હોય અથવા કોઈ ભેળસેળ કરનારને પકડીને સજા કરવામાં આવી હોય, તો કૃપા કરીને બતાવો. આવી સ્થિતિમાં પ્રામાણિક વેપારીઓ મરી ગયા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતને કારણે ગુજરાતમાં મોટા પાયે છેતરપિંડી થઈ છે. હપ્તા ગાંધીનગર સુધી પહોંચી રહ્યા છે




ગાંધીનગર શહેર ખાતે પ્રદેશ સંગઠનમંત્રીશ્રી સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખશ્રી લાલભાઈ વણઝારાની આગેવાનીના ઝઘડીયાની દિકરીને શ્રદ્ધાંજલિ આપીને કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. જેમાં પૂર્વ પ્રમુખ જીતુભાઈ ધારવાડીયા, મહામંત્રી પુષ્પક પટેલ, માણસા પ્રભારી વિનોદ પટેલ, હિતેન્દ્ર ભોજક, કે.આર.રાણા, હરીભાઈ પટેલ, કૌશલ પ્રજાયતી, કરશનભાઈ ચાવડા સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા .

## સુરતમાં વિદ્યાર્થીઓના પ્રવેશ મામલે વાલીઓમાં રોષ

સુરત,

સુરત ના અડાજણ સ્થિત ભુલકાભવન સ્કૂલમાં વાલી ઓનો વિરોધ સુરતમાં વિદ્યાર્થીના પ્રવેશ બાબતે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. સુરતના અડાજણ સ્થિત ભુલકાભવન સ્કૂલમાં નાલીઓએ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ઈ્ઈ અંતર્ગત વિદ્યાર્થીઓના પ્રવેશ મામલે વાલીઓમાં નારાજગી ફેલાયેલી છે.તે સિવાય ભુલકાભવન સ્કૂલના સંચાલકોની દાદાગીરી હોવાનો વાલીઓએ આરોપ લગાવ્યો છે. ઈ્ઈ અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ન્ઝ આપવાની ધમકી આપવામાં આવી હતી. બીજીતરફ સ્કૂલનો આરોપ છે કે વિદ્યાર્થીઓએ ઈ્ઈ માં ખોટી આવક બતાવી એડમિશન લીધું હતું. ઈ્ઈ માં ૧.૨૦ લાખ ની અવાક હોય તો વિદ્યાર્થીને એડમિશન મળે છે. બીજીતરફ સ્કૂલના સંચાલકોનું કહેવું છે કે વાલીઓની બેક્રોમાં લાખો રૂપિયાની લોન ચાલે છે. તે સિવાય વાલીઓ વિદેશની ટ્રીપ પણ કરે છે. આમ વાલીઓ ગરીબી રેખા નીચે આવતા ન હોવાનો સ્કૂલ સત્તાવાળાનો આક્ષેપ છે. જેને કારણે સ્કૂલ ન્ઝ આપવાની ધમકી આપી રહી છે.બીજીતરફ સ્કીલ દ્વારા તમામ આરોપોને પાયાવિહોણા ગણાવવામાં આવ્યા છે. ભુલકાભવન સ્કૂલના ટ્રસ્ટી મિનાક્ષીબેનના જણાવ્યા મુજબ વાલીઓના આરોપો તદ્દન પાયાવિહેણા છે. શરૂઆતથી જ ગવર્મેન્ટે ડેટા આપોયો છે તેની વિગતો માંગતા બહોઈએ છીએ. પરંતુ અમુક વાલીઓ વિગતો આપતા નથી. જેવા કે બેક્ર સ્ટેટમેન્ટ અને ઈક્ર્મટેક્સ રિટર્ન પેપર વાલીઓ આપતા નથી. તે સિવાય આ વાલીઓ સારા ફ્લેટમાં રહે છે અને ઈક્ર્મટેક્સ પણ ભરે છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGGS:226**
વિષય: મધ્યાંતર
શિર્ષક: જીવન ને મધ્યાંતર. શબ્દો:૬૪
કૃતિ: પદ્ય

આ જીવન તણું ચક્ર પણ અજીબ છે.
ના જાણે જીવને કેટલા મધ્યાંતરો છે.

માત કૂખે જન્મ થતાં તો બચપણ છે.
થોડું બચપણ ને આવતી જુવાની છે.

જુવાની તણી તો દુનિયા જ નોખી છે.
એ મધ્યાંતરે સ્વપ્નની ઋતુ નોખી છે.

ઘડીકવારમાં સૌ ઢળી એ જુવાની છે.
જવાબદારીની પહેરાવતી બેડીઓ છે.

વૃધ્ધાવસ્થા ડોકીયાં કરતી દેખાઈ છે.
જીવનમાં ના આ મધ્યાંતર પામતી છે.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ ' અમેરિકા
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**
વિષય:- મધ્યાંતર
શીર્ષક:- જીવનનું મધ્યાંતર
પ્રકાર:- પદ્ય. શબ્દો:- ૩૯

નાની શી એ કળી ઘરમાં,
ખીલી રહી હતી ધીમે ધીમે!
વ્હાલી દીકરી એ સૌની,
બોલી એની વ્હાલી વ્હાલી!
શું વાંક હતો એ નાનકડી કળીનો?
પીંખી નાંખી એને હેવાને એવી,
ચાલતું હતું એનાં જીવનનું મધ્યાંતર,
ને બુઝાઈ ગયો એનો જીવનદીપ!

સ્નેહલ જાની, સુરત.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 181**
વિષય : મધ્યાંતર
શીર્ષક : "વચગાળો"
પ્રકાર :પદ્ય - શબ્દો :૫૭

નાટક ભજવતા ક્રમાંકે, પડ્યો છે "અંતરાલ",
સિનેમા જોતા બે ભાગ, વચ્ચે પડે "મધ્યાંતર"....

સ્કૂલના વર્ગમાં ભણતા, ભણતા જ્યારે પડે "રિસેસ",
"અંતરાય" આવે ત્યારે મળી, જાય "અવકાશ" વિશેષ....

ઘરના કામો કરતા મળે ઘડીક ખાવા "પોરો",
સળંગ ક્રિયાને "વિરામ" આપ, લઈલે જરા "વિસામો"....

"અંતઃસ્થળ"કહો કે "રોંઢો", કૌસુમી??કહો
કામની વચ્ચેનો સમય,
"વચગાળા"નો સમય એટલે કે "રજા" મળે કે પડે "ઈન્ટરવલ"...

સુરમી બધેકા, કૌસુમી ??-મુંબઈ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**
વિષય :મધ્યાંતર
શીર્ષક:આતો કાળ.
પ્રકાર :પધ શબ્દો:૬૬

તપતો સૂરજ માંથે હોયે ને,
તપતી ધરતી પાયે હોયે.
કાળ આતો કેવો છે, કાળ આતો મધ્યાંતર છે.

નાતો એ કદી આગળ છે ને,
નાતો એ કદી પાછળ છે.
ગાડીના વચલા ડબ્બા જેવો કાળ આતો મધ્યાંતર છે.

નાતો આ રમતું શૈશવ છે ને,
નાતો આ ઝુલતુ ઘડપણ છે.
જવાબદારીનો ભારો છે કાળ આતો મધ્યાંતર છે.

નાતો આ ખજાનો ભૂતકાળની યાદો નો છે ને,
નાતો શમણાં ભવિષ્યના છે.
વર્તમાનમા જીવવાનો છે કાળ આતો મધ્યાંતર છે.

લેખિકા : ચારુલતા દોશી
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 219**
વિષય : મધ્યાંતર
શીર્ષક : ★જીવનનો મધ્યાંતર★
પ્રકાર : લઘુલેખ - શબ્દો : ૨૦૩

★મંધ્યાંતર અંત નથી, તે એક આરામ છે,
નવી શક્તિનો ઉદય, જીવનનું સાકાર છે.★

જીવન એક મુસાફરી છે, જે હંમેશા સીધી લાઇનમાં નથી ચાલતી. તે ક્યારેક ચડાવ-ઉતારોથી ભરપૂર હોય છે. મંધ્યાંતર એ જીવનના એવા ક્ષણો છે, જ્યારે માનવીને લાગે છે કે તે અટકી ગયો છે, પ્રગતિ થતી નથી, અને અંધકાર શામેલ છે. પરંતુ મંધ્યાંતરએ કાયમી અવસ્થા નથી, તે માત્ર એક વિલંબ છે, જે તમારા માટે નવી તકો લાવે છે.

મંધ્યાંતર તમને જાતને પરખવાનો અને જીવનના નવા માર્ગ શોધવાનો મોકો આપે છે. તે સમય છે તમારા અંદર રહેલી શક્તિઓને ઓળખવાનો. દરેક ચડાવ પછી ઊતાર આવતો હોય છે, અને દરેક મંધ્યાંતર પછી નવા ઉદયની શરૂઆત થાય છે.

જો તમે અંધકારમાં હો, તો સમજો કે હવે પ્રકાશ નજીક છે. ક્યારેક જીવન તમારાથી રુકો છે, કેમ કે તે તમને વધુ સારા માટે તૈયાર કરી રહ્યું છે. મંધ્યાંતર જીવનની નવી શક્તિ અને ઉત્સાહ માટેનો આરામનો સમય છે.

જીવનમાં જે મંધ્યાંતર આવે છે, તે તમને વિધાતાની એ યાદ અપાવે છે કે તમે એક યોદ્ધા છો. હંમેશા યાદ રાખો, "અંધકાર પછી જ ઉજાસ છે." તો તમે જે મંધ્યાંતરનો સામનો કરી રહ્યા છો, તેને એક તક માનો અને આગળ વધવા માટે તૈયાર રહો. ★વિશ્વાસ રાખો, શ્રમ કરો, અને તમારું સપનું સાકાર કરજો.★

★"વિશ્વાસ રાખી કામ કરી, સપનાને સાકાર કરશો,
મંધ્યાંતર છે તરંગ, જેના પર તરશો."★

- નયના જે. સોલંકી..આંખો
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષય:મધ્યાંતર
શીર્ષક: જીવતર
પ્રકાર:પદ્ય શબ્દો:૧૦૦

જીવન એક રંગમંચ કરવા પડે નાટક સવાર પછી સાંજ,
સવાર અને સાંજની વચ્ચે આવે છે મધ્યાંતર!

સમય ચાલે નિરંતર સમય સાથે ચાલવું પડે સુખ પછી દુઃખ,
સુખ અને દુઃખ વચ્ચે આવે છે મધ્યાંતર!

અનંતનો પણ હોય અંત ઋતુ તણું થતું રહે પરિવર્તન,
વસંત પછી પાનખર વસંત અને પાનખર વચ્ચે આવે છે મધ્યાંતર!

જીવી લો જીવતર જીવનનું ઘડતર ભણતર અને ગણતર,
ભણતર અને ગણતર વચ્ચે આવે છે મધ્યાંતર!

'પ્રેમ' મનુષ્ય દેહ મળ્યો
મોંઘો સત્કર્મો તણું ભાથું ભરી લો ઘણાં આવશે નડતર,
જીવન અને મૃત્યુ વચ્ચે આવે છે મધ્યાંતર!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.343**
વિષય :- મધ્યાંતર
શીર્ષક:- પ્રકાશિત મધ્યાંતર
પ્રકાર :- પદ્ય શબ્દો :- ૬૦

ફિલ્મ નાટક જેવું માનવનું છે જીવનપંથનું જીવતર,
બચપણ યુવાની વૃદ્ધાવસ્થાથી જીવનપટ્ટનાં બને ચિત્રો સમયાંતર,
ફૂલોનાં સુગંધીત સદ્કર્મોથી જીવન જણાય સંસ્કારી ઘડતર,
દુર્ગંધ બદબુરૂપી કલંકિત કર્મોથી બને જીવન બદતર,
દુષ્કર્મોની દુર્ગંધતા સામે સદ્કર્મોની સુગંધતાથી જીવનપંથ બને સમાંતર ,
અસત્ય સામે સત્યપંથે મળશે અનેક સંકટો સાથે મત મતાંતર,
"ચંદ્ર" સૂર્ય સહયોગથી પ્રકાશની રમત રમી અંધકારનો આવે નહીં મધ્યાંતર.

" ચંદ્ર " ચંદ્રકાન્ત હરિલાલ માઢક
( નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : મધ્યાંતર
શીર્ષક : ૫ હાઈકુ
પ્રકાર : પદ્ય, શબ્દ : ૩૪

૧. નીવ ભાવિ ની
અનુભવે મુકાતી
મધ્યાંતરે.. સ્તો.

૨. જીવન પથે
આવતા મધ્યાંતરે
ઘસાતો જન.

૩. દિશાસૂચક
બનતો મધ્યાંતર
હા! અસ્તાચળે.

૪. કાર્ય પથમાં
થતી મધ્યાંતરમાં
જીવને હાશ.

૫. અનુભવોથી
મધ્યાંતરે મળી છે
ખ્યાતિ મને.

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

# ઉદગમ ટ્રસ્ટ દ્વારા ત્રિ દિવસીય શાસ્ત્રીય સંગીત સમારોહ યોજાયો

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કમિશનર, યુવક સેવા અને સંસ્કૃતિના આર્થિક સહયોગ અને ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાતના સહકારથી વિશ્વવિખ્યાત સિતારવાદક વિદુષી મંજુ નંદન મેહતાને સ્મરણાંજલિ આપવા સ્વરમંજુષા ત્રિદિવસીય ધ્રુવ પર્વ-છઠ્ઠા ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલ તારીખ ૨૦ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ના આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે યોજાયો.ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોષીએ ધ્રુવ પર્વ-છઠ્ઠા ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલ મા પધારેલ સૌના શાબ્દિક સ્વાગત કરતા સંસ્થાના કાર્યોની માહિતી આપતા ગાંધીનગરના એકમાત્ર શાસ્ત્રીય સંગીત સમારોહમાં સ્થાનિકથી લઈને વિવિધ આંતરરાષ્ટ્રીય કલાકરો ઉદગમ મ્યુઝિક ફેસ્ટીવલમાં તેમની પ્રસ્તુતિ કરી ગયા છે. તેઓના મંજુ મેહતા સાથેના સ્મરણો વાગોળ્યા હતા.મુખ્ય મેહમાનપદે નવી દિલ્હી થી પધારેલ યુનાઈટેડ નેશન ગ્લોબલ નેટવર્ક ઈન્ડિયા ના રતનેશ જહાં અને અતિથિ વિશેષ શ્રીમતી અંજના સુરેશ મેહતા, ચેરમેન, પર્યાવરણ, રિક્રિએશન અને સાંસ્કૃતિક કમિટી, ગાંધીનગર મહાનગર પાલિકા, પૂર્વી મેહતા અને યુનીડોના સી. કન્સલ્ટન્ટ ડો. ઉમેશ મેનનનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# પિયાવા પાસે આડે રોજડું ઉતરતાં બાઈક સ્લીપ થવાથી એસ.ટી.બસ ડ્રાઈવરનું મોત

જામનગર,

ધ્રોલમાં એસટી ડેપોમાં ફરજ બજાવતા અને લતીપુરમાં રહેતા એસટી બસના ચાલક પોતાનું બાઈક લઈને ધ્રોળ એસ.ટી. બસ ડેપો એ ફરજ પર જઈ રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં તેમના બાઈકના આડે રોઝડું ઉતરતાં અકસ્માત નડયો હતો. અને ગંભીર ઈજા થવાથી મૃત્યુ નીપજ્યું છે. કાલાવડમાં રણુજા રોડ પર પાણી ભરવા માટે જઈ રહેલા દસ વર્ષના એક બાળકને પુર ઝડપે આવી રહેલી એક કારના ચાલકે હડફેટ માં લઇ કચડી નાખતાં બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે, ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં રહેતા અને ધ્રોળ એસ.ટી. ડેપોમાં એસ.ટી. બસના ચાલક તરીકે ફરજ બજાવતા મહેશભાઈ દેવાણંદભાઈ જીલરીયા કે જેઓ ગત ૪ ડિસેમ્બરના રાત્રિના સમયે પોતાના ગામથી બાઈક પર નીકળીને ધ્રોળના એસટી ડેપો પર ફરજ પર જઈ રહ્યા હતા, જે દરમિયાન ધ્રોળ નજીક પિયાવા ગામના પાટીયા પાસે રસ્તામાં એક રોજડું આડું ઉતરતાં તેઓનું બાઈક સ્લીપ થઈ ગયું હતું, અને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં નાની મોટી ઈજા થઈ હતી.તેઓને સારવાર માટે સૌ પ્રથમ જામનગર અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે પ્રતકના વૃદ્ધ પિતા દેવાણંદભાઈ જીલરીયાએ પોલીસને જાણ કરતાં ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે.એસ. દલસાણીયાએ મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જામનગર - કાલાવડ હાઇ-વે પર રણુજા નજીક નવઘણ ઉર્ફે કરમશી પંડત(ઉ.વ. ૧૦) પગપાળા ચાલીને પાણી ભરવા જઈ રહ્યો હતો, તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલી કારના ચાલકે તેને હડફેટમાં લઈ લીધો હતો, આથી તેને ગંભીર ઇજા થવાથી સારવાર માટે સૌ પ્રથમ જામનગરની અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે બાળકના પિતા રઘુભાઈ પંડતે કારના ચાલક સામે કાલાવડ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં ખેતરમાંથી માનવ કંકાલ મળી આવ્યું, પોલીસે સ્થળ પર પહોંચીને કંકાલને કબજે લીધું

સુરત,

સુરતના હજીરામાં એક ખેતરમાંથી અજાણયા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે, ફોરેન્સિક રિપોર્ટમાં ૩ મહિના અગાઉ ઘટના બની હોવાનું જણાવ્યું. સુરત શહેરના હજીરા વિસ્તારમાં આવેલા એક ખેતરમાંથી માનવ કંકાલ મળી આવ્યું છે. આ ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. મળતી માહિતી મુજબ, નવજાગૃતિ સ્કૂલ પાસેના ખેતરમાં કામ કરતા મજૂરોને જમીનમાંથી આ કંકાલ મળ્યું હતું. ઘટનાની જાણ થતાં જ હજીરા પોલીસે સ્થળ પર પહોંચીને કંકાલને કબજે લીધું હતું. પોલીસે કંકાલને નવી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલ્યું હતું. ફોરેન્સિક રિપોર્ટમાં સામે આવ્યું છે કે, કંકાલ ૩૦થી ૪૦ વર્ષના પુરુષનું છે અને તેનું મૃત્યુ લગભગ ૩ મહિના પહેલા થયું હશે. પોલીસ હાલમાં આ મામલે તપાસ કરી રહી છે અને મૃતકની ઓળખ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. કંકાલ કોનું છે અને તેનું મૃત્યુ કઈ રીતે થયું તે અંગે કોઈ માહિતી મળી નથી. આ રહસ્યમય મૃત્યુની ઘટનાએ પોલીસ સમક્ષ અનેક સવાલો ઉભા કર્યા છે. પોલીસે આસપાસના વિસ્તારમાં રહેતા લોકો પાસેથી પૂછપરછ શરૂ કરી છે. આ ઉપરાંત, પોલીસે ગુમ થયેલા વ્યક્તિઓની વિગતો પણ ચકાસવાનું શરૂ કર્યું છે. પોલીસને આશા છે કે, આ તપાસમાં તેઓ જલ્દી જ આ મામલે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકશે.

# બામણાસા ગીરના મહિલા સરપંચના પુત્રએ વનતંત્રના ત્રાસથી ઝેર પીધું

રાજકોટ,

છેલ્લા ઘણા સમયથી ગીર પંથકમાં લાગુ થનાર ઈકો સેન્સિટીવ ઝોન મુદે વન વિભાગ સામે ગામે-ગામ આંદોલન ચાલી રહ્યા છે. એવા માહોલમાં જ તાલાલા તાલુકાનાં બામણાસા ગીર ગામના મહિલા સરપંચના પુત્ર નિલેશભાઈ કાનજીભાઈ અઘેરા એ વનવિભાગના ત્રાસથી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ભારે ચકચાર ફેલાઇ છે. આ અંગે પ્રાપ્ત થયેલ વિગત પ્રમાણે બામણાસા ગીર ગામના શ્રમજીવી ભરતભાઈ ભીખાભાઈ તથા જયેશભાઈ દશેક દિવસ પહેલા એકટીવા મોટરસાયકલ ઉપર બળતણ તથા કુહાડો લઈ શ્રી વિલા ફાર્મ પાસેથી પસાર થતા હતા તે વખતે ફોરેસ્ટ વિભાગના મહિલા કર્મચારીએ અટકાવીને મજુર પાસેથી કુહાડો લઇ લીધો હતો.જે કુવાડો પરત લેવા માટે સરપંચના પુત્ર નિલેશભાઈ અઘેરાએ આર.એફ.ઓ. સાથે વાત કરી હતી. પણ તેમણે પણ કુહાડો આપવાનીનાં પાડી હતી. જેથી નિલેશભાઈને મનમાં લાગી આવ્યું હતું.આ અગાઉ નિલેશભાઈએ વનવિભાગની ગેરરીતિઓ સામે રજૂઆતો કરી હતી. જેથી વનવિભાગના અધિકારીઓએ ધમકી આપી હતી. આમ જંગલખાતાના અધિકારીઓનાં ત્રાસથી કંટાળી ગઈ કાલે સાંજે કેસર કેરીના બગીચામાં સ્યુસાઈડ નોટ લખી ઝેરી દવા પી લીધી હતી ત્યાંથી પસાર થતા ગામના ખેડૂતને જાણ થતાં તાલાલા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવેલ હતા. આ બનાવની જાણ થતાં પોલીસ અને મામલતદારે હોસ્પિટલે જઈ નિલેશભાઈનું નિવેદન લઈ સ્યુસાઈડ નોટ કબજે કરી હતી.આ બનાવ અંગે સત્ય બહાર લાવવા આંકોલવાડી ગીરનાં હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રભાઈ ગાધે એ આગળની તપાસ શરૃ કરી છે.આ બનાવથી તાલાલા પંથકમાં ભારે ચકચાર ફેલાઇ છે.

### ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ માટે નામાંકન કરાવવા જોગ જરુરી માહિતી

# યોગ સાથે સંકળાયેલ યોગ કોર્ડીનેટર, યોગ કોચ તથા યોગ ટ્રેનરને પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત રાજ્ય યોગ એવોર્ડનું આયોજન

ગાંધીનગર,

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત રચિત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા યોગને પ્રોત્સાહન આપવા તથા યોગ બોર્ડ સાથે સંકળાયેલ યોગ કોર્ડીનેટર, યોગ કોચ તથા યોગ ટ્રેનરને પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત શ્રેષ્ઠ યોગ કોઓર્ડીનેટર - રાજ્ય કક્ષા, શ્રેષ્ઠ યોગ કોચ - જિલ્લા કક્ષા અને શ્રેષ્ઠ યોગ ટ્રેનર - જિલ્લા કક્ષા એમ ત્રણ કેટેગરીમાં યોગ એવોર્ડ આપવામાં આવનાર છે. આ એવોર્ડ માટે અરજી કરતી વખતે તે/તેણી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સંકળાયેલ હોવા જોઈએ અને યોગ કોચ તથા યોગ ટ્રેનર તરીકેનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. નોમિનેશન સમયે તેણે/તેણીએ ઓછમાં ઓછા છેલ્લા ત્રણ વર્ષમાં યોગમાં યોગદાન આપેલું હોવું જોઈએ. ઊંમરની પાત્રતા બાબતે કોઈ બાધ નથી, કોઈપણ વ્યક્તિ અરજી કરી શકશે. આ એવોર્ડ કેટેગરી વાઈઝ આજીવન માત્ર એક જ વાર મળવાપાત્ર રહેશે. સહભાગીએ તેમની સાથે ચોક્કસ અને અદ્યતન કરેલ પ્રોફાઈલ (બાયોડેટા) પુરાવા સાથે જમા કરાવવા આવશ્યક છે. અરજી કરતી વખતે નામ, ફોટો, સરનામું અને ફોન નંબર જેવી વિગતો અને છેલ્લા ત્રણ વર્ષમાં કરેલા કામના ફોટોગ્રાફ સાથેના નક્કર પુરાવાઓ સામેલ રાખવાના રહેશે. અધૂરી માહિતીવાળી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આ એવોર્ડ માટે કેટેગરી વાઈઝ ઉત્કૃષ્ટ કામગીરીના ફોટોગ્રાફ અને લખાણ સાથેના વધુમાં વધુ પાંચ પાનાના પુરાવા સાથેનો એક પાનાનો બાયોડેટા જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સહયોગ સંકુલ, સી,વિંગ છ્ટ્ઠો માળ, સેક્ટર-૧૧,ગાંધીનગર ખાતે તા-૦૭/૦૧/૨૦૨૫ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ અરજી આપવાની રહેશે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે અરવલ્લી મોડાસા નગરપાલિકાના ખાતે નવા સિટી સિવિક સેન્ટરનું ઇ - લોકાર્પણ કરાયું





૨૫ ડિસેમ્બર ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપેયીજીની જયંતિને સમગ્ર દેશમાં 'સુશાસન દિવસ' તરીકે મનાવવામાં આવે છે. જેઅંતર્ગત રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન અંતર્ગત રાજયમાં ૩૪ સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું.જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકા વિસ્તારમાં સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું.શહેરી વિસ્તારોમાં, શહેરની વસ્તીની માંગને પહોંચી વળવા સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવે છે અને તેનું સંચાલન કરવામાં આવે છે.જેમાં નગરપાલિકાઓમાં શહેરીકરણમાં ઝડપી વૃદ્ધિને કારણે નગરના રહેવાસીઓની સુવિધા માટે તથા શહેરોની ઉભી થયેલી માંગને પહોંચી વળવા માટે નગરપાલિકા વિસ્તારોમાં સિટી સિવિક સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

સિટી સિવિક સેન્ટર એ સુનિશ્ચિત કરશે કે તમામ મ્યુનિસિપલ સેવાઓ એક જ જગ્યાએથી નાગરિકો માટે ઉપલબ્ધ થાય. નગરપાલિકાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓ જેવી કે મિલકત વેરો, વ્યવસાયિક કર, જન્મ/મૃત્યુનું પ્રમાણપત્ર, ગુમસ્તાધારા નોંધણી, આરોગ્ય લાઇસન્સ, હોકર્સ લાયસન્સ, હોલ બુકિંગ, ટેક્સ વિભાગની અરજીની સ્વીકૃતિ, સ્વિમિંગ પૂલ અને જિમ્નેશિયમ ફી અને અન્ય, જે વિવિધ સિટી સિવિક સેન્ટરમાં ઓનલાઈન તેમજ રૂબરૂ રીતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આમ, તે નાગરિકો માટે વન સ્ટોપ શોપ તરીકે કામ કરશે. તે સુનિશ્ચિત કરવામાં આવશે કે નાગરિકોના વિવિધ પ્રશ્નોના નિરાકરણમાં ઓછામાં ઓછો સમયગાળો લેવામાં આવશે.અને તમામ સુવિધાઓ મળશે.આ પ્રસંગે માનનીય મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારની વિશેષ ઉપસ્થિતિમાં અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સિટી સિવિક સેન્ટરના તક્તી અનાવરણ કરી સેન્ટરને નાગરિકો માટે ખુલ્લો મુક્યો હતો. ઉપરાંત સેન્ટરની મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓ અંગે અવગત થયા હતા.

આ કાર્યક્રમમાં નગર પાલિકા પ્રમુખશ્રી નીરજ શેઠ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી ભદ્રેશ પટેલ તેમજ નગરપાલિકાના વિવિધ પદાધિકારીશ્રીઓ, અન્ય અધિકારીઓ-કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો હાજર રહયા હતા.

# અમદાવાદની સિવિલ હોસ્પિટલ રાઉન્ડ ધ ક્લોક દર્દીઓની સેવામાં સેવારત



અમદાવાદ સિવિલ હોસ્પિટલે ફરી એક વખત સારવાર થી સ્કીનના દાન ક્ષેત્રે સરાહનીય કામગીરી કરીને લોકોનો વિશ્વાસ જીત્યો છે.

વર્ષ – ૨૦૨૪ નું વર્ષ પૂર્ણ થવામાં ફક્ત ૭ દિવસ બાકી છે. પરંતુ એના પહેલાના ૩૫૮ દિવસોમાં સિવિલ હોસ્પિટલના ગેટ કોઈપણ દર્દી માટે ક્યારેય બંધ થયા જ નથી.

રાજયના કોઈપણ ખૂણે ગમે તે પ્રકારની આપદા આવે અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને તમામ ડૉક્ટર્સ રાઉન્ડ ધ ક્લોક દર્દીઓની સેવામાં સેવારત છે.

છેલ્લાં બે ત્રણ વર્ષ માં ઉત્તમ સારવાર ની સાથે સાથે અંગદાન, સ્કિન ડોનેશન અને અન્ય રાષ્ટ્રીય પ્રોગ્રામ માં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા ઉદાહરણરૂપ કામગીરી કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપ રાજ્ય તેમજ રાજ્ય બહારના હજારો દર્દી ઓ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ આશીર્વાદ બની રહી છે.

છેલ્લાં બે દિવસમાં સિવિલ હોસ્પિટલ ખાતે એક કિસ્સામાં બાળકની શ્વાસનળીમાં ફસાયેલ પ્લાસ્ટિકની સીસોટીને દૂર કરી સાજા કરવાનો તેમજ બીજી તરફ મૃત દર્દી નાં ઘરે જઈ ડૉકટરો દ્વારા સ્કીનનું દાન લઈને જરૂરિયાતમંદને મદદરૂપ થવાની શ્રેષ્ઠ કામગીરી કરાઈ છે. વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશી એ જણાવ્યુ હતુ કે અમદાવાદના રહેવાસી અને મજૂરી કરતા જગદીશભાઈ બોડાણાના ૧૦ વર્ષના પુત્ર ક્રિષ્નાને રમતા રમતા આકસ્મિક રીતે રમકડાની પ્લાસ્ટીકની સીસોટી શ્વાસનળીમાં જતી રહેતા ઉધરસ શરુ થઈ હતી. પ્રથમ તેઓ દીકરાને લઇ એલજી હોસ્પિટલમાં ગયા જ્યાં તેનો એક્સ-રે તેમજ સીટી સ્કેન કરવામાં આવ્યો. ત્યારબાદ શ્વાસ નળીમાં ફોરેનબોડી જણાતા તેને સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં રીફર કરવામાં આવ્યો હતો. બાળકને સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો જ્યાં તારીખ ૨૦મી ડિસેમ્બર ના રોજ ડૉ. જયશ્રી રામજી પ્રોફેસર, પીડિયાટ્રિક સર્જરી વિભાગ તેમજ ડૉ. ચિરાગ પટેલ અને ડૉ. તૃપ્તિ શાહ એનેસ્થેસિયા વિભાગની આગેવાની હેઠળની ટીમ દ્વારા બ્રોન્કોસ્કોપી કરી ડાબી તરફની મુખ્ય શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સીસોટી સફળતાપુર્વક બહાર કાઢવામા આવી. ઓપરેશન પછી કોઈપણ બીજી તકલીફ ન રહેતા સ્વસ્થ જણાતા બાળક ને રજા આપવામાં આવી છે.

બીજી તરફ તારીખ ૨૨ ડીસેમ્બર ના રોજ,નિકોલ, અમદાવાદ ખાતે ૯૨ વર્ષના છગનભાઈ શામજીભાઈ દેવાણી મ્રુત્યુ પામતા પરીવારજનો એ સિવિલ હોસ્પિટલ અમદાવાદની સ્કીન બેંક નો સમ્પર્ક સાધતા સિવિલ હોસ્પિટલ ના પ્લાસ્ટીક સર્જરી વિભાગના વડા ડૉ. જયેશ સચદેવની ટીમે ઘરે જઈ મ્રુતકની ત્વચા લઈ સ્કીન ડોનેશન સ્વીકાર્યુ હતુ. આ સાથે સિવિલ હોસ્પિટલ સ્કીન બેંક ને મળેલુ આ સાતમુ અને ઘરેથી લેવામાં આવેલ બીજું સ્કીન દાન છે .રાજ્ય સરકાર સિવિલ હોસ્પિટલ ની સેવાઓ માં ઉતરોત્તર વધારો કરી રહી છે

# પૂર્વ પ્રધાનમંત્રીશ્રી પરમ શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતિ સુશાસન દિવસ નિમિત્તે શહેર ભાજપ દ્વારા પુષ્પાંજલિ અર્પણ



ભારતીય જનતા પાર્ટીના પ્રેરણાસ્ત્રોત, દેશના પૂર્વ પ્રધાનમંત્રી 'ભારત રત્ન' શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજી ની જન્મજયંતી પર "સુશાસન દિવસ" નિમિત્તે જન સંપર્ક કાર્યાલય ખાતે માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે પુષ્પાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, સંગઠનના સિનિયર આગેવાનો, પદાધિકારી, તેમજ મહિલા કાર્યકર્તા અને મંડળના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભારત રત્ન, પૂર્વ પ્રધાનમંત્રીશ્રી પરમ શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતિ સુશાસન દિવસ નિમિત્તે ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો તેમજ કેસરિયા ગરબા ગ્રાઉન્ડ, સે-૧૧ ખાતે શ્રી અટલજીના જીવન વૃતાંત પર આધારિત પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા અને સમર્પણના ભાવ સાથે રાષ્ટ્રકાજે જીવન ખપાવનાર શ્રી અટલજીના જીવન અને દેશ માટે તેમણે આપેલા અમૂલ્ય યોગદાન અંગે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન




પટેલે વક્તવ્ય આપ્યું હતું. શ્રી વાજપેયીજીના જન્મદિવસે શહેર ભાજપ પરિવાર દ્વારા સમર્પણ મુક બધિર શાળાના બાળકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ રાત્રીના સમયે જરૂરિયાતમંદને ધાબળા વિતરણ પણ કરવામાં આવનાર છે.

આ તકે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મહાનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, સ્ટે. કમિટી ચેરમેન ગૌરાંગ વ્યાસ, પક્ષના નેતા અનિલસિંહ વાઘેલા, મહામંત્રીશ્રીઓ, અગ્રણીશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, નગરસેવકો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત તમામ ૧૧ વોર્ડમાં બુથ સ્તરે કાર્યકર્તાઓ દ્વારા શ્રી અટલજીને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

# અમદાવાદ ખાતે સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશન ગુજરાત સ્ટેટ અને શ્રધ્ધા યોગા સ્પેસ ધ્વારા બ્લડ ડોનેશન કેમ્પ થેલેસેમિયા ના દર્દીઓ માટે યોજવામાં આવ્યો



અમદાવાદ શહેરમાં મુખ્ય મથક ઈસનપુર ખાતે શ્રધ્ધા યોગા સ્પેસ માં તારીખ ૨૨.૧૨.૨૦૨૪ ના રવિવાર ના રોજ પ્રથમા ફાઉન્ડેશન સાથે બ્લડ ડોનેશન ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યું હતું.

સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશન ગુજરાત સ્ટેટ એડિશનલ ડેપ્યુટી કમિશનર વ્રજેશ ચૌહાણ દ્વારા રકતદાન એ મહાદાન★ના સંદેશા સાથે રકતદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું.જેના શ્રદ્ધા યોગા સ્પેસ ના ચેરમેન દર્શના શાહ ના વિચાર બદલા ની અપેક્ષા વગર બીજાને મદદ કરવી તેનું નામ દાન ઉપદેશ સહયોગ રહેલ.બ્લડ ડોનેશન ડ્રાઈવ કરવાનો મુખ્ય ઉદ્દેશ એકજ હતો કે થેલેસેમીયા દર્દીઓને લોહીની જરૂરિયાત જલ્દી થી પૂર્ણ થાય અને તેમનો જીવ બચાવી સારા માર્ગે પુણ્ય નું કાર્ય મળે તે હેતુ થી સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશન દ્વારા કરવામાં આવ્યું.સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશન ના ગુજરાત સ્ટેટ ચિફ કમિશનર નારસિગ અગ્રવાલ દ્વારા રક્તદાતાને સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશન સર્ટિફિકેટ આપી સન્માનિત અને પ્રથમા ફાઉન્ડેશન દ્વારા ગિફ્ટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સેન્ટ્રલ જ્યુડ કમિશન ટીમ પદ અધિકારી તેમજ સિવિલ વોલીન્ટર હાજરી આપેલ:

ગુજરાત સ્ટેટ ચીફ કમિશનર નરસિંહ અગ્રવાલ

ગુજરાત સ્ટેટ એડિશનલ કમિશનર ઉમેશ રાઠોડ

એડિશનલ ડેપ્યુટી કમિશનર વ્રજેશ ચૌહાણ

એડિશનલ વિજિલન્સ કમિશનર અશોક સુથાર

જોઈન્ટ સેક્રેટરી વિશાલ પટેલ

ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ચંદ્રિકાબેન જાદવ

અમદાવાદ પ્રેસિડેન્ટ કુશલ શાહ

દસકોઈ તાલુકા પ્રેસિડન્ટ યોગેશ દોશી સ્ટેટ ઈનચાર્જ તુષાર સોલંકી

બેચરાજી તાલુકા પ્રેસિડેન્ટ આશાબેન રાવલ

સિવિલ વોલીન્ટર લીલાબેન પરમાર

સિવિલ વોલીન્ટર યોગેશ દવે

લીગલ ટીમ મેમ્બર

તથા નવા નિમણુંક સિવિલ વોલીન્ટર

# દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ખાતે આયુષ મેગા નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



પ્રધાનમંત્રીશ્રી દ્વારા આયુષ પદ્ધતિને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવે છે. જેથી વર્ષ ૨૦૧૪ થી આયુષ મંત્રાલયની અલગ રચના કરવામાં આવી છે. આયુર્વેદનો મહત્તમ પ્રચાર પ્રસાર થાય અને વધુ લોકો માહિતગાર બને તે હેતુથી જિલ્લા આયુર્વેદ વિભાગ દ્વારા અવારનવાર આયુર્વેદ પ્રચાર પ્રસાર અંગે કાર્યક્રમો યોજાય છે, જે અંતર્ગત તા. ૨૪ ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયત ના સ્વભંડોળની વર્ષ ૨૦૨૪-૨૦૨૫ની ગ્રાન્ટ માંથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગરની મંજૂરી અને માર્ગદર્શન હેઠળ દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ખાતે આયુષ મેગા નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયુષ મેગા કેમ્પ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી ભરતજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી ભારત સિંહ ઝાલા, તાલુકા ઉપપ્રમુખ મનુભાઈ મકવાણા, દશરથજી સંગાડા, લલિતસિંહ ઠાકોર, તાલુકા સદસ્ય રઈજીભાઈ, ગૌતમભાઈ પટેલ, જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવના પટેલ, વાસણા ચૌધરી ના સરપંચ શ્રી ઈશ્વરભાઈ ચૌધરી વગેરે ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આયુષ મેગા સારવાર કેમ્પ અંતર્ગત મર્મ ચિકિત્સા - ૧૨૧,સ્ત્રી રોગ વંધ્યત્વ - ૧૨૭,બાળ રોગ - ૩૨૧,ચામડી ના રોગ - ૧૮૯,લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર - ૧૬૭,જનરલ આયુર્વેદ ઓપીડી - ૩૪૬,જનરલ હોમીયોપેથી ઓપીડી - ૩૦૩,રોગ પ્રમાણે યોગ વગેરે મળીકુલ ૧૮૨૨ લોકોએ આ મેગા સારવાર કેમ્પ અંતર્ગત સારવારનો લાભ મેળવ્યો હતો.આ ઉપરાંત ૨૪૩ લોકોએ પ્રકૃતિ પરીક્ષણ કરાવ્યું હતું તથા ૩૮૦૦ લોકો દ્વારા આયુષ પ્રદર્શનની મુલાકાત લેવામાં આવી હતી. અને ૩૪૪ જેટલા લોકોએ હર્બલ ટી નો પણ લાભ મેળવ્યો હતોઆ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું.

## સાણંદ ખાતેના પ્લાન્ટ હેડ શ્રી સંદીપ કુમારના નેતૃત્વમાં

# ટાટા મોટર્સના પ્રતિનિધિઓએ શૈક્ષણિક સહયોગને મજબૂત કરવા નિરમા યુનિવર્સિટીની મુલાકાત લીધી

સાણંદ ખાતેના પ્લાન્ટ હેડ શ્રી સંદીપ કુમારના નેતૃત્વમાં ટાટા મોટર્સના પ્રતિનિધિઓએ શૈક્ષણિક સહયોગને મજબૂત કરવા નિરમા યુનિવર્સિટીની મુલાકાત લીધી.નિરમા યુનિવર્સિટી અને ટાટા મોટર્સે સમગ્ર ભારતમાં ટાટા મોટર્સના કર્મચારીઓને વિશ્વ કક્ષાની ટેકનિકલ નિપુણતા સાથે સશક્તિકરણ કરીને વિશિષ્ટ ફ્રેશર, ફ્રેશર અને કૌશલ્ય વર્ધન કાર્યક્રમો પહોંચાડવા માટે ભાગીદારી કરી છે.આ સહયોગને મજબૂત કરવા માટે, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ લિમિટેડ (સ્ફ્ન) ના અધિકારીઓએ, સ્ફ્ન



સાણંદના પ્લાન્ટ હેડ શ્રી સંદીપ કુમારની આગેવાની હેઠળ, તાજેતરમાં નિરમા યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. ટીમે ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગોમાં અત્યાધુનિક લેબ સુવિધાઓનું અન્વેષણ કર્યું અને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વરિષ્ઠ નેતૃત્વ સાથે વાર્તાલાપ કર્યો.સ્કૂલ ઑફ એન્જિનિયરિંગના ડિરેક્ટર ડૉ આર એન પટેલે ઑફર કરાયેલા શૈક્ષણિક અને તાલીમ કાર્યક્રમોથી માહિતગાર કર્યા , કૌશલ્યના અંતરને દૂર કરવા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટેની પ્રતિબદ્ધતાની વાત કરી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.